# સુરતનાં હીરાનાં વેપારીઓ અને ભારત ડાયમન્ડ બૂર્સ(બીડીબી)વૈશ્વિક સ્તરે હીરાની કિંમત નક્કી કરશે

રાજકોટ: હીરાનાં વેપારની પદ્ધતિઓમાં મોટા પાયે ફેરફાર થઈ રહ્યો છે.દુનિયામાં આ અતિ કિંમતી કોમોડિટીની કિંમતોનાં નિર્ણાયક બનવા ભારત સક્ષમ છે.આઇસીઇએક્સનાં સીઇઓ સંજિત પ્રસાદે પૂછ્યું હતું કે,ભારતમાંથી દુનિયામાં૯૦ટકા જેમસ્ટોન કટર્સ છે.ભારતીય કારીગરો દુનિયામાં નિર્વિવાદપણે શ્રેષ્ઠ છે,વર્કશોપમાંથી બજારમાં પસાર થનાર દરેક હીરાનાં પાસાંને નક્કી કરે છે.તો પછી ભારતે હીરાની કિંમત શા માટે નક્કી ન કરવી જોઈએ?દુનિયામાં સૌપ્રથમ વખત હીરામાં ડેરિવેટિવ કોન્ટ્રાક્ટ આઇસીઇએક્સએ લોન્ચ કર્યો હોવાથી તેમાં ફ્યુચર ટ્રેડિંગ વાસ્તવિકતા બનશે.સુરત ડાયમન્ડ કટિંગ અને પોલિશિંગ ઉદ્યોગનું વૈશ્વિક કેન્દ્ર છે.તે લગભગ એકાધિકાર ધરાવે છે,ખાસ કરીને નાના હીરામાં,જ્યાં કટિંગ અને પોલિશિંગ દ્વારા મૂલ્ય સંવર્ધન થાય છે.વળી તે ભારતમાં મુંબઈ પછી બીજું સૌથી મોટું હીરા વેપાર કેન્દ્ર પણ છે,જ્યાં શહેરમાં૪૫લાખની વસતિમાં૮૦૦,૦૦૦થી વધારે કારીગરો રૂ. ૮૦,૦૦૦કરોડનાં ઉદ્યોગમાં સંકળાયેલા છે.

મુંબઈ અને સુરત ઉદ્યોગનાં બે મોટાં કેન્દ્રો છે,જેમાં સુરતને હીરા કટિંગ અને પોલિશિંગ માટે વૈશ્વિક કેન્દ્ર ગણવામાં આવે છે.સમગ્ર દુનિયાની ખાણોમાંથી આશરે૯૦ટકા રફ હીરા સુરત મોકલવામાં આવે છે અને ડાયમન્ડ ફ્યુચર્સ કોમોડિટી માટે પ્રાઇઝ ડિસ્કવરીની અતિ વૈજ્ઞાનિક પદ્ધતિ ઓફર કરે છે.